



Scanned with CamScanner

10-13 Jan 2017

ક્રમાંક : સં.નિ.ઔ.સ.સ્વા./સુ.રીજી / પ્લાન.નં. 9000 /૨૦૧૭
સંયુકત નિયામક,ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,
"બી-બ્લોક"છઠ્ઠોમાળ, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઈન્સ, સુરત તા.

26 OCT 2017

પ્રતિ,
કબજેદારશ્રી,
VEEKAYEM TEXTILES MILLS PVT.LTD (UNIT-1)
PLOT NO C1/2305,2306,2307,G.I.D.C. UMBERGAON
DIST -VALSAD

<u>વિષય :- સને.૧૯૪૮ના કારખાના અધિનિયમ અન્વયે કારખાનાના વિસ્તૃતિકરણ સહીતના રીવાઈઝડ નકશા મંજુર કરવા બાબત.</u>

મહાશય,

ઉપરોકત વિષય પરત્વેના સંદર્ભમાં આપના કારખાનાના નકશાની નકલ-નકલો નીચેની શરતોને આધિન રહીને મંજુર કરી પરત કરવામાં આવે છે.

૧. મકાનનો કારખાના તરીકે ઉપયોગ કરતાં પહેલા મંજુર થયેલા નકશામાં બતાવેલ કારખાનાનું કે, નવું / વિસ્તૃતિકરણનું બાંધકામ પ્લાન્ટ તથા મશીનરી અંગે સ્ટ્રકચરલ એન્જીનીયરનું કારખાનાની મજબુતાઈ ચકાસ્યા અંગેનું સ્ટેબીલીટી સર્ટીફીકેટ ગુજરાત કારખાનાના નિયમો : ૧૯૬૩ના નિયમ - ૩-સી હેઠળ નકકી કરેલ નમુના નંબર : ૧-એ માં આપવું સાથે બાંધકામની સ્ટ્રકચરલ ડીટેઈલ, ડીઝાઈન અને ડ્રોઈંગ રજુ કરવું, તે ઉપરાંત કારખાનાનું મકાન તેના ફલોર સહીત એક ચોરસમીટર ક્ષેત્રફળમાં કેટલું વજન સહન કરી શકશે અને તેની સામે મુકવા ધારેલ વજન એક ચોરસમીટરમાં કેટલું છે તથા કઈ રીતે બાંધકામ સલામત છે. તેની ગણતરી સહીતની વિગતો સ્ટેબીલીટી સર્ટીફીકેટ સાથે રજુ કરવું ઉપરાંત બાંધકામની મજબુતાઈનો લેબોરેટરી ટેસ્ટ કરાવીને અને લોડ બેરીંગ ટેસ્ટ કરાવીને તેના પરીણામ સાથે ગણતરીને સરખાવીને રજુ કરી તે અંગેની જાણ કારખાનાના જીલ્લા નિરીક્ષકશ્રીને કરવી.

૨. સ્થાનિક સત્તાવાળાઓ જેવા કે, મહાનગર પાલીકા / નગરપાલીકા / નગર પંચાયત / જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત / ગ્રામ પંચાયત / જાહેર બાંધકામ ખાતું / જી.આઈ.ડી.સી. વિગેરેની પાસેથી મંજુરી મેળવી લેવાની રહેશે.

૩. તમારા કારખાનામાંથી નિકળતા વ્યવસાયીક બગાડ જેવા કે, ગંદુ પાણી / ધુમાડો / ધુળ / ગેસ વિગેરના નિકાલ અંગે જલ / વાયુ પ્રદુષણ નિયંત્રણ સત્તાવાળાઓ પાસેથી મંજુરી મેળવવી તેમજ યોગ્ય નિકાલ માટે વ્યવસ્થા કરવાની રહેશે.

૪. કારખાના માટે નવું બાંધકામ કરેલ તો બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વેલ્ફેર સેસ એકટની જોગવાઈઓ મુજબ બાંધકામની કુલ કિંમતના ૧ ટકા લેખે સેસની રકમ સેસ કલેકટરે સમક્ષ જમા કરાવી તેના આધાર / પુરાવા રજુ કરવાના રહેશે.

૫. આગઉ મંજુર થયેલ તા.૨૫/૧૧/૨૦૦૫ના પત્ર ક્રમાંક: JT.DISH/SUT.REG/F.PLAN/7712/2005ના નકશા રદ કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

સંયુકત નિયામક,
ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય,
સુરત રીજીયન, સુરત

*GANPAT D.PATEL*

Scanned with CamScanner